**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (LCA) નંબર : ૧૧૭૩/૨૦૧૯**

પ્રથમ પક્ષકાર : અરમાન ફાઈનાન્સીયલ સર્વિસીસ,
ઠે.૫૦૨ થી ૫૦૪, સાકાર–૩, જુની હાઈકોર્ટની સામે,
ઈન્કમટેક્ષ સર્કલ, આશ્રમ રોડ, અમદાવાદ.

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : અક્ષય છોટેલાલ પાંડે,
ઠે.૯૮, શ્યામ પાર્ક સોસાયટી, ક્રિષ્ણાનગર, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : કોઈ નહીં.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર.શ્રી એસ.બી.મિશ્રા.

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : કેએચ/ એસએચએમસી/આર/ આઈ.ડી.આર.નં.૧૭૧/૧૯–એજે/આઈ.ડી.આર.થી પત્ર ક્રમાંક : ૨૪૬૫૯, તા.૧૯–૧૧–૧૯ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

શ્રી અક્ષય છોટેલાલ પાંડે, ઠે.૯૮, શ્યામ પાર્ક સોસાયટી, ક્રિષ્ણાનગર, અમદાવાદને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔધ્યોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયા બાદ અરજદારે આંક–૩ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. ત્યારબાદ સામાવાળાના જવાબના તબકકે અરજદાર તથા તેમના પ્રતિનિધિશ્રીએ આંક–૬ ની પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, અરજદારને તેમના તમામ હકકોના નાણા જેવા કે બાકી પગાર, હકક રજા વિગેરે થઈ નોકરી દરમ્યાનના હકકોની રકમ એકસગ્રેસીયા થઈ કુલ રૂા.૩૦,૦૦૦/– મળી ગયેલ હોઈ પડેલ દિવસના પગાર સહીત સામાવાળા સંસ્થામાં નોકરીમાં પુન:સ્થાપિત થવાની તકરાર જતી કરે છે. હવે સંસ્થા પાસેથી કોઈ હકકોના નાણા લેવાના કે આપવાના રહેતા ન હોઈ અરજદાર તે કેસ અન્વયે દાદ મેળવવાની ન હોવાથી સદર કેસ તેમના પ્રતિનિધિની રૂબરૂમાં પરત ખેંચવા અરજ કરેલ છે. જે પુરસીસ નોંધવામાં આવેલ અને કામ હુકમ ઉપર મુકવામાં આવેલ. તે સંજોગોમાં હાલના કામમાં અરજદાર સદર કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈ પરત ખેંચી હાલનો કેસ વિડ્રો કરતા હોઈ, જેથી તે બાબતે હુકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલનો એવોર્ડ પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૨૦–૦૩–૨૦૨૦
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJESRA,P.A.